Publication: Janmabhoomi
Date: 31/8/2019
Page: 3
Column: 1

જન્મભૂમિ મુંબઇ, શનિવાર, તા. ૩૧-૮-૨૦૧૯

# ગણેશ મંડળોને ઓછા દરે અધિકૃત વીજળી આપવા અદાણી કંપનીની ઑફર

મુંબઈ, તા. ૩૦ : પરાં વિસ્તારમાં વીજ પુરવઠો આપતી અદાણી ઇલેક્ટ્રીસિટી મુંબઈ લિમિટેડે મુંબઈના ગણપતિ મહોત્સવ માટે મંડળોને ઓછા દરે અધિકૃત વીજળી આપવાની ઑફર કરી છે. કંપનીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ગણપતિ મંડળો કંપનીની વૅબસાઇટ www.adanielectricity.com દ્વારા ઑનલાઇન તેમ જ પરા વિસ્તારના કોઈ પણ વિભાગીય કસ્ટમર કૅર સેન્ટરમાં આ માટે અરજી કરી શકે છે. અરજી કર્યાના ત્રણ દિવસમાં તેમને ઓછા દરે વીજળી આપવામાં આવશે. શહેરના ૬૪ ગણેશ વિસર્જન સ્થળોએ પણ કંપની દ્વારા કામચલાઉ ધોરણે ફ્લડલાઇટ્સની સુવિધા આપવામાં આવે છે.